# ગિરીશ કાર્નાડના નાટકો : એક અભ્યાસ

પાટડિયા હિરવા એમ.
વાંકાનેર, જી. રાજકોટ

## 1. પ્રસ્તાવના

ગિરીશ કાર્નાડે પોતાનાં નાટકોનાં વસ્તુ આપણી પ્રાચીન ભારતીય પરંપરામાંથી પસંદ કર્યા છે. એમનાં નાટકોમાં કથાનકોનાં મૂળ આપણી પ્રાચીન પરંપરામાં, મહાભારતમાં, આપણી દંતકથાઓમાં, આપણી લોકકથાઓમાં પડેલા છે. લગભગ આપણી આખીએ ભારીતય પરંપરા સાથે એમની રચનાઓનો નાતો છે. વિશિષ્ટ દષ્ટિકોણ સાથે આપણી પરંપરાનો આશ્રય લઈને જ એ આપણી પરંપરા સામે પ્રશ્નો ઊભા કરતા જાય છે અને મોટો સર્જક હંમેશા પરંપરા સામે પ્રનો ઊભા કરતો જ રહેવાનો. મોટા સર્જકનું કામ જ આ છે. એક આખી વ્યવસ્થાની સામે એક સમૃદ્ધ–સચોટ પ્રશ્ન મૂકી આપવો જેના ઉત્તરો સમાજચિંતકો પોતપોતાની રીતે મેળવી લે. એ જવાબદારી કાર્નાડે આપણા ઉપર છોડી છે. આપણે આપણી સૂઝબુઝથી, આપણી સમજણથી આપણા વિમર્શથી આ ઉત્તરો મેળવીએ.

## 2. ‘યયાતિ’

એ એમનું પહેલું જાણીતું નાટક અને ‘યયાતિ’ની કથા આપણા માટે તો અજાણી નથી. જેણે યૌવન પ્રાપ્ત કરવા માટે, પુનઃ યૌવન પ્રાપ્ત કરવા માટે પ્રજા સામે એક પ્હેલ નાખી. એક યુવાન કન્યા સાથે એનાં લગ્ન થયા છે. એટલે પુનઃ યૌવન જોઈએ છે. એકપણ પ્રજાજન રાજાને યૌવન આપવા તૈયાર નથી. જે પ્રજા માટે રાજા પોતાના આખા આયુષ્યને સમર્પિત કરી ચૂકયો છે, કેવળ કર્તવ્યપરાયણ રહીને પ્રજા માટે રાજા પોતાના આખા આયુષ્યને સમર્પિત કરી ચૂકયો છે, કેવળ કર્તવ્યપરાયણ રહીને પ્રજા માટે રાજા પોતાના આખા આયુષ્યને સમર્પિત કરી ચૂકયો છે, કેવળ કર્તવ્યપરાયણ રહીને પ્રજા માટે આવી સમર્પણની ભાવના ઉપસાવી છે એ રાજા માટે એક પ્રજાજન પોતાનું યૌવન આપવા તૈયાર નથી. રાજાને પ્રશ્ન થાય છે કે આ શું ? ત્યારે એનો પુત્ર પુરુ જે એને પોતાનું યૌવન આપવાનો છે તે કહે છે, પિતાજી, પ્રજા કદીએ અપરિવર્તનશીલતાને સહન કરી શકતી નથી. એને અપરિવર્તન ગમતું નથી. એ કદી બલિદાન આપવા તૈયાર ન હોય એ સમજીને જ આપણે ચાલવું જોઈએ. હું તમારા માટે મારું યૌવન આપીશ. આ ઘટના નાટકને ચાલક બળ પુરું પાડે છે. સાંધ્યદીપિકાઓ મહેલના એકેએક ટોડલાનો ઉપર દેવામાં આવી હોય છે. આખો મહેલ ઝળહળી રહ્યો હોય, પુરુના સ્વાગતમાં, ત્યાં એકાએક ચિત્રલેખા દાસીને સંકેત કરે છે કે ‘ના હમણાં તું આ બધી સાંધ્યદીપિકાઓ બુઝાવી દે, એકાએક મારે આવા વૃદ્ધ થયેલા પુરુને નથી જોવા' એટલે ફરી પેલી દાસી એક પછી એક દીપિકાઓ બુઝાવતી જાય, અડધી બૂઝેલી, અડધી પ્રજ્વલિત દીપશિખાઓની વચ્ચે પુરુનો પ્રવેશ થતો હોય, વાર્ધકયનો આખો સ્વાંગ ધારણ કરેલો પુરુ એને ચિત્રલેખા સહન કરી શકતી નથી. એકાએક ચીસ પાડે છે. જે ચિત્રલેખા પતિના આ ત્યાગથી કે બલિદાનથી ગૌરવની લાગણી અનુભવતી હતી એ જ ચિત્રલેખા પતિના આ ત્યાગથી કે બલિદાનથી ગૌરવની લાગણી અનુભવતી હતી એ જ ચિત્રલેખા પતિના આ ચહેરાને જોઈ શકતી નથી અને એ ચીસ પાડીને વિષપાન કરી લે છે. શર્મિષ્ઠાએ એક તબક્કે દેવયાની સાથેના સંઘર્ષને કારણે વિષ ઘરમાં તૈયાર રાખ્યું હતું અને એ જ વિષ છેવટે ચિત્રલેખા પાસે આવે છે. આ બધું આપણી પરંપરા છે. ચિત્રલેખા વિષપાન કરે છે. ચિત્રલેખાનું વિષપાન યયાતિ અને પુરુ બંને માટે મદખંડનનું એક મહત્વનું તત્વ બને છે. એ મહત્વનું એટલા માટે છે કે યયાતિને પણ એક દર્પ હતો. પુનઃ યૌવન પ્રાપ્ત કરવાનો અને પુરુમાં પણ દર્પ હતો તયાગભાવનાનો. કાર્નાડ બતાવી રહયા છે કે ત્યાગનો પણ દર્પ હોઈ શકે. માનથી ગયે તેટલા અસામાન્ય બને ઊંચે ને ઊંચે ચડતો આકાશમાંના તારલિયાને આંબવા પ્રયત્ન કરે તોપણ માટીમાં ખોડી રાખેલા પોતાના પગ તેને ત્યાં જ ખોડી રાખવા પડે છે. એ સાવ અધ્ધર લટકી રહી

શકતો નથી. વિષયભોગોની ઈચ્છા એમનો ઉપયોગ કરવાથી કદી પણ શાંત નથી થઈ શકતી. ઘીની આહુતિ દ્વારા અધિક પ્રજ્વલિત થનારા અગ્નિની પેઠે એ વધુ જોર કરતી જાય.

### 3. 'તુઘલઘ'

'તુઘલઘ'નું ચરિત્ર આપણે માટે કોઈપણ મુસ્લિમ ચરિત્ર પ્રમાણમાં અજાણ્યું રહયું છે. તો તુઘલઘને આપણે સનકી રાજા તરીકે જોયો છે. એ તરંગી છે. દિલ્હીથી દૌલતાબાદ અને દૌલતાબાદથી દિલ્હી આ માણસ રખડયા કરતો હતો અને એ કંઈ રાજકારણ જાણતો હશે કે કેમ એવા પ્રશ્નો પણ આપણે એની આસપાસ જોડયા છે પણ ગિરીશ કાર્નાડે પૂરી હમદર્દીથી એના ચરિત્રને સમજવા માગતા હોય એ રીતે આપણી સામે મૂકી આપ્યું છે. આ એકપાત્રકેન્દ્રીનાટક છે. આ નાટકમાં કોઈ અંકો નથી. માત્ર દશ્યો છે. ૧૩ દશ્યોમાં નાટક વહેંચાયેલું છે. તુઘલઘની બદલાતી મનઃસ્થિતિ સો આ દશ્યો બદલાતાં જાય છે. એણે અપરમાં ઉપર અવિશ્વાસ રાખેલો અને જેલમાં પૂરી દીધી ! કોઈપણ રાજા વિશ્વાસ મૂકી જ ન શકે. કયો રાજા અવિશ્વાસુ નથી હોતો ? કેમ કે એનું તંત્ર જ એવું છે અને ભાગ્યે જ કોઈના પર ભરોસો પડે. તુઘલઘ પણ એવો અવિશ્વાસુ હતો કે એણે માતાને જેલમાં પૂરી દીધેલી. કેટલાય નજીકના માણસોને એણે મારી નાખ્યાં છે. મિત્રોને પણ એણે ખતમ કરી દીધા છે. પણ એ તુઘલઘ પાછો કેટલાય માણસોને ચાહે છે. પોતાના સૈનિકો અસ્વસ્થ હોય તો એ અસ્વસ્થ બની જાય છે. પોતાના સૈનિકો ભૂખ્યા હોય તો એને ખાવાનું નથી ભાવતું. આવી ભાવના પણ એનામાં છે. આવી સંકુલ વ્યક્તિા એ તુઘલઘની લાક્ષણિકા છે. એ સંકુલ વ્યક્તિઓને ધીમેધીમે ૧૩ દશ્યોમાં કાર્નાડ બહાર લાવતા જાય છે. તુઘલઘે એક તબક્કે સોનાના સિક્કાને બદલે તાંબાના સિક્ક છાપવાનું નક્કી કરેલું.

આ ઐતિહાસિક ઘટના છે. કેમ એણે આવું કર્યુ હશે એ હવે તો આપણે સમજી શકીએ છીએ. આપણા સિક્કાઓનાં કેવાં મૂલ્ય છે એ તો હવે આપણે જાણીએ છીએ ! તુઘલઘના સમયમાં પણ એક સમયે આર્થિક દશા આવી હશે ને એ કારણે તાંબાના સિક્કા છાપવા તરફ ગયો હશે. એ સમયે અઝીઝ નામનો એનો એક મંત્રી આવા ખોટા સિક્કા છાપે છે. ખબર પડે છે એટલે એને કેદ કરી લેવામાં આવે છે. પણ તુઘલઘને સલાહ આપવામાં આવે છે કે 'આ અઝીઝને માફ કરી દો. એ તો એની શેતાનિયતને કારણે અથવા તો એ ક્ષણોમાં એનું મન બગડયું એ કારણે આ રસ્તે ગયો. કોણ જાણે પણ કેમ તુઘલઘને એવું સૂઝયું કે ચાલો માફ કરી દઈએ.' અને એ માફ કરી દે છે ને એમાંથી એને એક નવી ઓળખ મળે છે કે આજ પૂર્વે સજાઓ આપી–આપીને જે મને નથી મળ્યું એ આ ક્ષમા બક્ષીને મળ્યું છે. એમાંથી મને મારી ઓળખ પ્રાપ્ત થઈ છે. આ આઈડેન્ટિટી એ તુઘલઘની વિલક્ષણતા છે.

એક તબક્કે તો એણે આખા રાજ્યમાં નમાઝ પઢવા ઉપર પ્રતિબંધ મૂકી દીધો. કયો મુસ્લિમ આ કરી શકે ? કોની હિંમત ? રાજયમાં કોઈએ નમાન પઢવાની નહીં કેમકે એની હત્યાનું કાવતરું થયું હતુ. એ નમાઝ પઢવા બેસવાનો હતો ત્યારે જ એને મારી નાખવાનો હતો. આ કાવતરું પકડાઈ ગયું ને એણે નમાઝ પઢવા પર પ્રતિબંધ મૂકી દીધો. તો આવા અનેક કિસ્સાઓ દ્વારા કાર્નાડ તુઘલઘનું વ્યક્તિત્વ આ નાટકમાં આલેખે છે. એ પણ એક કલ્પના કરવા જેવી છે કે નાટકમાં એક પણ નાયિકા જેવું પાત્ર ન હોય તો પણ નાટકને સફળ બનાવી શકાય. કલ્પના કરી જુઓ કે સ્ત્રીપાત્ર વગર એમાં એકપણ પ્રેમઘટના વગર ત્રણ કલાક નાટક ચલાવવું, લખવું એ કંઈ નાનોસૂનો પડકાર નથી. એ કામ કાર્નાડે કર્યુ. જરાપણ રંગદર્શી થયા વગર ને નાટકનો રસ બિલકુલ ઓછો ન થયા એ રીતે વિલસણ સંકુલ ચરિત્રને સમજવાનો ઉપક્રમ લઈને આ નાકટની રચના કરી. એટલે જ તુઘલઘ એ ગિરીશ કાર્નાડનું ઉત્તમ નાટક છે.

### 4. 'હયવદન'

'હયવદન'નું કથાનક વૈતાલ પચ્ચીસીનું છે. આપણી વાર્તા–પરંપરામાંથી એ પસંદ કરવામાં આવ્યું છે. વૈતાલપચ્ચીસીમાં એવી એક નાની વાત આવે છે જયાં નાયિકા સાથે બે પુરૂષો મંદિરે જવા નીકળ્યા છે. બેમાંથી એકે પ્રતિજ્ઞા લીધી છે કે હું મંદિરમાં જઈને કમળપૂજા કરીશ. એટલે એ થોડો વહેલો જઈને કમળપૂજા કરી લે છે. બીજો

મિત્ર ત્યાં પહોંચે છે, એને થાય છે કે લોકોને એમ લાગશે કે મેં આને મારી નાખ્યો, કારણ કે પેલી સ્ત્રી સાથે છે. એ સ્ત્રી માટે મેંએને મારી નાખ્યો. એટલે એ પણ કમળપૂજા કરી લે છે. પેલી સ્ત્રી મંદિરમાં જઈને માતાજીને વિનવે છે કે તું કંઈક કર નહીતર સમાજને હું શું મોઢું બતાવીશ ? મારા કારણે બેય મરી ગયા એવું બધા માનશે. માતાજી પ્રસન્ન થાય છે તે કહે છે કે સારું ત્યારે જા, તું બે માથાને ઘડ સાથે જોડી દે. જીવતા થઈ જશે. ગભરાટમાં ને ગભરાટમાં પેલાઓને જીવતા કરવાની ઉતાવળમાં એનાથી ઘડ અને માથાં બદલાઈ જાય છે. મસ્તક અને શરીર જુદાં એવા બે દેહનો સામનો કરવાનો આવે છે અને હવે પ્રશ્ન થાય કે આમાં નાયિકા ઉપર અધિકાર કોનો ? માથાવાળાનો કે શરીરવાળાનો ? એ પ્રશ્નનો ઉત્તર વૈતાલપચ્ચીસીમાં તો છે. પેલાં વૈતાલ વિક્રમને પૂછે છે કે હે રાજા આ અધિકાર કોનો ? ત્યારે વિક્રમ પાસે એનો જવાબ હતો કેમસ્તક ઉત્તમાંગ કહેવાય છે, એટલે મસ્તક જે શરીર પર હોય એનો એ અધિકાર. કાર્નાડને આટલી વાત કરીને અટકી નથી જવું. એ નાયિકાની નજરે આખી વાતને જોવા માટે છે. આ નાટકમાં પદ્મિની નામની એક યુવતી છે. દેવદત્ત એના પ્રેમમાં પડયો છે. ને પ્રાપ્ત કરવા માગે છે. દેવદત્ત બુદ્ધિશાળી હોય છે પણ કૃશકાય છે. દેવદત્તનો મિત્ર છે કપિલ એ સુપુષ્ટ છે. કુસ્તીબાજ છે. શ્યામ વર્ણ છે, એ ભોળો છે ને દેવદત્તને પદ્મિની પ્રાપ્ત કરાવવા પૂરી સહાય કરે છે. બધું ગોઠવી આપે છે અને એના લગ્ન થાય છે. કૃશકાય દેવદત્ત પદ્મિનીને અધૂરો લાગે છે. પૂર્ણતાની ઈચ્છાએ આ નાટકનું મૂળ તત્વ છે. કાર્નાડને આ સિદ્ધ કરવું છે કે કોઈને સંપૂર્ણ મેળવવા માટેનો પ્રયાસ વ્યર્થ છે. માણસ પાસે જે છે તેનાથી તે ખુશ હોવો જોઈએ. તેને તેનો સમય અને શકિત પૂર્ણતાની તલાશમાં વેડફવો ન જોઈએ. કારણ કે માણસ દુઃખ અને સંઘર્ષની સમસ્યાઓને પસંદ કરવા માટે સ્વતંત્ર છે. પ્રાણીઓને સંઘર્ષ હોતો નથી. તેમનું જીવન થોડા જ્ઞાન માટે સંચાલિત થયેલું છે. તેટલા માટે તેને પસંદગીનો પ્રશ્ન જ નથી ઉઠતો. તેઓ જે છે તેનાથી અલગ થવાનો પ્રયત્ન કરતા નથી. આ લક્ષણો માત્ર માણસ પાસે જ છે. પરંતુ આજ સમજ દુઃખ અને સંઘર્ષનું મૂળ કારણ છે. એટલે જ ‘હયવદન’ નામનું એક બીજું ઉપ–કથાઘટક પણ આ રચનામાંછે. એક એવું બાળક આ રચનામાં આવે છે જેનો ચહેરો ઘોડા જેવો છે અને એનું શરીર મનુષ્યનું છે. રચનાના આરંભે ગણપતિની સ્તુતિ આવે છે. હયવદનની સ્તુતિ. આ બહુ ઉચિત પસંદગી છે કેમ કે એ પણ આપણી પરંપરામાં અધૂરપનું પ્રતીક છે. કાર્નાડ એને એ રીતે જુએ છે. ગણપતિની વિભાવના કાર્નાડના ચિત્તમાં અધૂરપની છે. જેનું મુખ પશુનું છે, શરીર મનુષ્યનું છે આવા અપૂર્ણતાના પ્રતીક સાથે સંકળાયેલા દેવ પૂર્ણતા પૂરી કરવાના આશીર્વાદો આપે છે. જાઓ, પૂર્ણ થજો, મંગળ થજો. આ પણ યોજનાબદ્ધ રીતે નાટકમાં સાંકળવાનો પ્રયાસ કર્યો છે. એટલે ગયવદનની સ્તુતિ આ રીતે ઔચિત્ય–પૂર્ણ છે. ‘હયવદન’ નાટકનાં એક–બે દશ્યમાં આવે છે. પછીતો જતો રહે છે. પછી તો આ કપીલ, દેવદત્ત અને પદ્મિનીની જ ઘટનાઓ શરૂ થાય છે. પછી પેલી વાર્તા મુજબ બધું થાય છે દેવદત્તે પ્રતિજ્ઞા લીધેલી કે મને પદ્મિની મળશે તો હું મારું માથું અને હાથ મંદિરમાં ચડાવી દઈશ ખરેખર તો પદ્મિની મળ્યા પછી આ બધું ચડાવવાનું હોય જ નહીં એટલે એ તો પદ્મિનીને છોડીને વહેલાં જઈ માથું આપી આવ્યો. હાથ બાકી રહયા. કપિલ આવીને આ જુએ છે એટલે પેલી મૂળ કથાની જેમ વિચારીને મૃત્યુ પસંદ કરે છે. પદ્મિની કહે છે આ બે લોકો મારા લીધે મર્યા એ લોકો જાણશે તો મો સમાજનો સામનો કરવાનું મુશ્કેલ થશે એટલે એ પણ આત્મહત્યા કરવા જાય છે ત્યાં માતાજી પ્રસન્ન થાય છે ને કહે છે ‘તું અટકી જા, તારે આ કરવાનું નથી.’ એટલે પદ્મિની તરત પૂછે છે કે ‘માતાજી, તમે મને અટકાવી તો આ બેને કેમ ન અટકાવ્યા ?’ તો એ કહે છે : દેવદત્ત, તારો પતિ જુઠ્ઠો છે. એણે મને વચન આપેલું કે પદ્મિની મળતાંની સાથે હું આવીશ અને કમળપૂજા કરીશ, પણ એ સંકલ્પએણે સાચવ્યો નહીં. માત્ર એટલું જનહીં એણે એના હાથતો આપ્યાજ નહીં. એટલે એણે મારી સાથે બનાવટ કરીછે.એટલા માટેમેં એને અટકાવ્યો નહીં. અને કપિલની વાત કરું એણે મિત્ર માટે બલિદાન આપ્યું છે એવું નથી. પણ ગામ પોતાને શું કહેશે ? પોતાના પર અપવાદ આવશે કે આ પદ્મિની માટે એણે આવું કર્યું. એમ વિચારીને એ મરવા તૈયાર થયો. એણે પણ પ્રપંચનો આશ્રય લીધો છે. એટલે મેં એને પણ અટકાવ્યો નહં. પણ તું સાચી છે. તારી સંવેદના સાચી છે અને સાચી સંવેદના હંમેશા દૈવીકૃપાની અધિકારીણી છે. આ કારણે માતાજી પદ્મિણીને અટકાવે છે. પછી કહે છે મૂળ કથા જેમ ‘તું માથાં જોડી દે,’ ‘પદ્મિનીથી પેલી ઉતાવળ–અવઢવમાં ખોટાં મસ્તક જોડાઈ જાય છે. પછી શરૂ થાય છે પેલા બેનો વિવાદ કે

'પદ્મિની ઉપર અધિકાર કોનો ?' કેમ કે માથું તો કપિલના શરીર ઉપર રહીને દાવો કરવા માંડયું કે મારો અધિકાર. આ બાજું દેવદત્તનો દેહતો દાવો કરે જ ! પદ્મિનીની મૂંઝવણ એ છે કે એને આમાંનો એક પુરુષ નથી જોઈતો બંને અધુરા છે અને આ બે અધુરા ભેગા થાય ત્યારે જ પદ્મિની માટે એક પૂર્ણ પુરુષ બને એવું છે. એટલે એ કહે છ મારે બંનેની જરૂર છે. એકથી તે કેમ ચાલે ? આ પૂર્ણત્વની ઈચ્છા છે. પછીથી પદ્મિની સગર્ભા થાય છે. બાળક થાય છે, એ બાળકને નાટકને અંતે પેલો હયવદન મળે છે. આ દરમિયાન પેલા બે હવે મૂળ શરીરમાં પાછા આવતાં જાય છે. મસ્તક આધિપત્ય ધરાવતું હોય એટલે શરીરને સૂચનાઓ આપતું જાય. એટલે શરીર બદલાતાં જાય. ફરી પદ્મિનીની તો એ જ વ્યથા છે. એ તો જેવી લગ્ન વખતે હતી એવી ને એવી જ પુત્રપાપ્તિ પછી પણ અધૂરી જ રહે છે. છ છ પુરુષો હોવા છતાં એને કદી પેલી પૂર્ણતાનો અનુભવ ન થયો. પેલા બે અંદરોઅંદર લડીને મરી જાય છે. એટલે પદ્મિની પણ છેવટે તો મરવાનો જ માર્ગ લે છે. એને છેવટ સુધી પૂર્ણતા ન મળી.

નારીના પક્ષેથી વાત જોવાનો અભિગ આધુનિક છે, મોડર્ન છે. એ અર્થમાં ગિરીશ કાર્નાડ આ નાટકમાં આધુનિક અભિગમ પ્રગટ કરે છે. કેમકે ઘણીવાર આપણે નારીના દ્રષ્ટિકોણથી આખી વાતને જોતા જ નથી. એ શું વિચારી રહી છે ? એના મનની અપેક્ષાઓ કેઈ કઈ છે ? એની સંવેદનાઓ કઈ કઈ છે ? પદ્મિનીને એ દ્રષ્ટિએ જોવાનો પ્રયાસ આ નાટકમાં કાર્નાડે કર્યો છે. આ પદ્મિની છે, આપણી પરંપરામાં નારીનું ઉત્તમ રૂપ એટલે પદ્મિની. કદાચ એટલે જ આ રચનામાં એ નામ આપવામાં આવ્યું હશે. અંતે પેલો હયવદન પાછો આવે છે. એણે આવી ઘટના બન્યાનું જાણ્યું એટલે એ પણ દેવીને પ્રસન્ન કવા ગયો. પૂર્ણત્વ સુધી પહોંચવાની પરંપરા દેવીએ રચી આપેલી. વાતારણ અનુકૂળ કરી આપ્યું હતું એટલે એ દેવીને પ્રસન્ન કરવા જાય છે. માગે છે કે 'મારે પૂર્ણત્વ જોઈએ છે.' માગીને જ્યારે હયવદન પાછો આવે છે ત્યારે તે કેવળ હય બની ગયો છે પુરુષ નહીં ! અને કેવળ અશ્વની હેષારવ કરતો કરતો. ત્યાં રચના પૂરી થાય છે. જો કે તેને માનવનું શરીર જોઈતું હતું. છેલ્લે તેમનો માનવ અવાજ પણ દૂર થઈ જાય છે અને તે સંપૂર્ણ ઘોડો બની જાય છે. કદાચ પૂરેપૂરો પશુ થઈ જઈશું તો જ પૂર્ણ થઈશું, માણસ રહીશું તો અધૂરા જ રહીશું– આ પ્રકારનો સંકેત આવા અંત દ્વારા કદાચ કાર્નાડ આપવા માંગે છે. પશુત્વમાં જ પૂર્ણતા હશે. પશુત્વ એટલે આદિમતાના અર્થમાં જંગલિયતના અર્થમાં નહી. આદિમતાના અર્થમાં કેમકે ઘણીવાર આપણે જ્યાં પૂરા પશુ થવાનું હોય છે ત્યાં પણ નથી થઈ શકતા. પૂર્ણ મનુષ્ય તો નથી જ થઈ શકતા. થઈ શકીશું કે કેમ એ પણ પ્રશ્ન છે, પદ્મિનીની જેમ નૃસિંહ, ગણપતિ આપણી પરંપરામાં છે જ. આપણી પરંપરાને નિભાવીને એને આધુનિક અર્થઘટન સાથે જોડીને કાર્નાડ આવું નાટયરૂપ આપે છે.

## 5.'નાગમંડલ'

'નાગમંડલ' એ પણ લોકકથા ઉપર આધારિત છે. રચનાનો પ્રારંભ જબરદસ્ત રીતે થાય છે. એક માણસને ઊંઘ નથી આવતી એની ઊંઘ ઊડી ગઈ છે અને ઊંઘ ઊડી જવાનું કારણ છે અત્યારે ભજવાનાં નાટકો. એણે ભંગાર નાટકો ભજવાઈ રહયા છે કે એને ઊંઘ નથી આવતી. કહે છે 'એટલે હવે કૈંક એવી વાર્તા સંભળાવો જેથી મને સરસ ઊંઘ આવે.' એ આવી ચિંતામાં પડયો છે ત્યારે એકએક દીપશિખા આવે છે. જાતજાતની એ બધી દીપશિખાનો ટોળે વળે છે. એક જગ્યાએ એ બધી જુદાજુદા ઘરેથી આવી છે. ઘરવાળાં બધાં સૂઈ ગયાં એટલે આ બધી દીપશીખાઓ બહાર ફરવા નીકળી છે. અને બધી દીપશિખાઓ જે જે ઘરમાંથી આવી છે તે તે ઘરની વાતો કરે છે. અમારા ઘરમાં શું ચાલ્યું ? આજે શું થયું ? રાત્રિ દરમિયાન કેવા ઝઘડાઓ થયા ? આવી વાતો આ દીપશિખાઓમાં ચાલે છે. એવામાં એક દીપશિખા સ્ત્રીનું રૂપ લઈને ભાગે છે. પેલો માણસ પૂછે છે આ સ્ત્રી ગઈ એ કોણ ગઈ ? તો એક દીપશિખા કહે છે : ' એ સ્ત્રી નથી. એ એક વૃદ્ધાના રાત્રે ખુલ્લા રહી ગયેલ મુખમાંથી નીકળી ગયેલી વાર્તા છે. આ વૃદ્ધાના મુખમાં એ શિશુ વયની હતી ત્યારે કેટલીક વાર્તાઓ દાખલ થઈ ગયેલી એના વડીલ દ્વારા કહેવાયેલી. આ વૃદ્ધાએ પછી એ વાર્તા કોઈને કહી જ નહી. એના પેટમાં જ પડી રહી. એટલે મોઢું ખુલ્લું રહી ગયેલું તે નારીનું રૂપ લઈને એ વાર્તા ભાગી છૂટી. કદાચ ંભવ છે કે તને એવી પાસેથી એવી વાર્તા સાંભળવા મળે કે જેતી તને ઊંઘ આવે.' અને પછી જે વાર્તા શરૂ

થાય છે તે 'નાગમંડલ'ની વાર્તા. રાની અને અપન્ના નામનું એક યુગલ છે. આ અપન્ના રાત્રીને રોજ ઘરમાં પૂરીને જતો રહે છે. એમનું દામ્પત્યજીવન બહુ જ વિલક્ષણ છે. રોજ બહારી એ તાળું મારીને જતો રહે. પત્ની સાથે એનો ઝાઝો સંવાદ નથી. 'પાણી આપ', 'ખાવાનું આપ', 'પથારી કરી દે એટલે હું સૂઈ જાઉં' એ બહાર સૂઈ જાય છે. ઘરમાં સૂતો પણ નથી. બહાર તાળું મારી દે. દિવસે જાતજાતનું કામ કર્યા કરે. પછી પડોશની કોઈ સ્ત્રી પસાર થાય છે એના દીકરાને લઈને અંધ છે. દીકરો રસ્તો બતાવતો હોય છે. પેલી એના દીકરાને પૂછે છે 'જાને પેલી અપન્નાની વહુ દેખાય છે ? બારણું કેમ બંધ હોય છે ? એ બહાર જાય છે કે શું ? 'ત્યારે દીકરો કહે છે કે, 'ના હું અપન્નાને એકલો જ બહાર જતો જાઉં છું. પેલી રાની તો દેખાતી જ નથી. મા કહે છે. 'જો પેલી બારી ખુલ્લી છે ?' 'હા મા, ખુલ્લી છે.' એટલે સ્ત્રી કહે છે 'તું મારા ખભે ચડી જાને જો અંદર શું દેખાય છે ?' એટલે પેલો છોકરો ખભે ચડીને જુએ છે. પછી કહે છે : 'છે મા, અંદર સ્ત્રી તો છે.' પછી પેલી અંદર રહેલી સ્ત્રી સાથે આ વૃદ્ધાનો સંવાદ ચાલે છે. એમાં પેલી રાની કહે છે 'મારો પતિતો આ રીતે વર્તે છે. આખો દિવસ કામમાં ને કામમાં હોય છે. બહાર તાળું દઈને જતો રહે છે. બહાર સૂઈ જાય છે. મારી સાથે વાતો નથી કરતો.' પછી પેલી વૃદ્ધા કહે છે 'એક કામ કર મારી પાસે વશીકરણનાં ત્રણ મૂળિયાં છે. એક સામાન્ય છે એક નાનું છે ને બીજું મોટું છે. આ સામાન્યને તો મેં વાપરીને મારા પતિને ખુશ કરી દીધો છે. એટલે એ તો વપરાઈ ચૂકયું છે પણ એક નાનું અને એક મોટું પડયું છે. તું પ્રયોગ કરી જો કદાચ એમાંથી તને કંઈક લાભ મળે. રાનીએ નાનું મૂળિયું લીધું પણ એનાથી પતિ પર ખાસ કંઈ પ્રભાવ પડયો હોય એવું એને લાગ્યું નહીં. એટલે એ મોટુ મૂળિયું વાપરવાનો વિચાર કરે છે. એટલે જયારે પતિ ન્હાવા જાય છે તે દરમિયાન મોટું મૂળિયું રસોઈમાં ઓગાળે છે ને એકાએક એ જુએ છે કે રસોઈમાં લોહી દેખાવા માંડયું. એટલે એ ભ્રષ્ટ થઈ ગયેલું અનાજ હે એમ માનીને ફેંકી દે છે. ફેંકી દે છે એ બું પડે છે પાછળ રહેલા એક રાફડામાં એ રાફડામાં એક નાગ હતો. એ ખાય છે અને રાની ઉપર મોહિત થાય છે. પછી એ રોજ રાત્રે અપન્નાનો વેશ લઈને રાનીને મળવા આવે છે. રાની સગર્ભા થાય છે એટલે અપન્નાને પ્રશ્ન થાય છે કે આવું કેમ ? હું તો ઘરમાં રહેતો જ નથી, નથી તો મારે રાની સાથે વ્યવહાર એટલે એ તો આખા ગામને ભેગું કરે છે અને કહે 'આ ભ્રષ્ટ નારી છે ને એણે ગેરમાર્ગે આ સંતાનની પ્રાપ્તિ કરી છે.' રાની મુશ્કેલીમાં મુકાય છે એટલે એ નાગને પૂછે છે કે 'મારે હવે શું કરવુ ?' આમાંથી કંઈક રસ્તો કાઢ. નાગકહે છે કે ' તું ચિંતા ન કર જયારે તને કહેવામાં આવે કે તારી કસોટી આપ પરીક્ષા આપ તું સતી છે એની ખાતરી આપ એટલે તું રાફડામાં હાથ નાખવાનું પસંદ કરજે. તું રાફડામાં હાથ નાખીશ એટલે લોકો સમજી જશે કે તું પવિત્ર છે.' અને એ રીતે કસોટીમાંથી એ પસાર થાય છે. હવે રાનીનો પ્રશ્ન તો ઉકલી ગયો એનો સંસાર તો શરૂ થઈ ગયો. કાર્નાડને હજી એટલેથી અટકવું નથી કેમ કે નાગનું શું ? એ તો ચાહતો હતો રાનીને એ તો વશીભૂત થયો હતો, એની સમસ્યા પણ હોયને ? એટલે એ હવે ગોઠવાઈ જાય છે. રાનીના ચોટલામાં, હંમેશા રાનીનું સાનિધ્ય મળે તે માટે ચોટલો અને નાગ આપણે આ બંનેને વારંવાર સાધર્મ્યે જોડયાં જ છે. એકવાર અપન્ના જોરથી રાનીનું માથું ઓળે છે ને એ નાગ મરીને નીચે પડે છે. એમ એ નાટકનો અંત આવે છે.

અહીં પણ નારીની નજરે વાતને મુકાઈ છે. મોટાભાગના હિસ્સામાં અલબત્ત, છેલ્લે નાગ આવ્યો પણ પહેલો આખો હિસ્સો નારીકેન્દ્રી છે. નારીની સંતૃપ્તિની વાત કાર્નાડે આ રચનામાં મૂકી આપી છે.

## 6.'ફાયર એન્ડ ધ રેઈન'

'ફાયર એન્ડ ધ રેઈન'માં પણ કેટલાક અંશે કાર્નાડ સનાતનવાદીઓના વિરોધી છે. કર્મકાંડ અને લોકલ્યાણને એ સામસામે મૂકી આપે છે. આ કથાનક એમણે 'મહાભારતમાંથી લીધું છે. પ્રમાણમાં ઓછું જાણીતું એવું યવક્રિતનું વનપર્વમાં આવતું કથાનક એમણે પસંદ કર્યુ છે. એમણે નોંધ પણ મૂકી છે કે આ કથાનક બહુ ઓછી વ્યકિતઓના ધ્યાનમાં આવ્યું છે અને એવું થાય. કેટલી મોટી કથા છે મહાભારત ! પણ આ કથાનકને કાર્નાડ જીવંત કરે છે.

પરાવસુ અને અર્વાવસુ નામના બે ભાઈઓની કથા. આમ તો આ બે ભાઈઓના જ દ્વન્દ્વની કથા છે. આ અર્વાવસુ ભાગીને નટ થયો છે. અને નટ થયો એટલે શુદ્ર થયો. આ આપણી પરંપરા છે. નટ થયો એટલે ન્યાતબહાર ગયો.

ગામબહાર થયો, છેક પ્રાચીનથી માંડી મધ્યકાળમાંય આમ થયું છે. અસાઈનનો પ્રસંગ આપણે જાણીએ છીએ. નટ એટલે ન્યાતબહાર, અવગણનાનું પાત્ર, પણ કાર્નાડને એવું કહેવું છે કે એ પણ એક યરી કરી રહયો છે. જેમ પેલો પરાવસુ યરી કરે છે એમ આ અર્વાવસુ પણ યરી કરી રહયો છે. નાટકને યરી કહેવાયો જ છે. ભારતની નાટયપરંપરા એને યરી તરીકે સ્વીકારે જ છે. ‘નાટકો પંચમો વેદ’ આ આપણી પરંપરામાં કહેવાયું જ છે. કાર્નાડ પણ નાટક એ કર્મકાંડ નહીં પણ વૈદિક ક્રિયા છે એવી સ્થાપના આ વસ્તુ દ્વારા એ કરી રહયા છે.

મૂળ કથામાં તો પેલા યવક્રિતને વહેલું વહેલું જ્ઞાન મેળવી લેવું છે. એટલે એવા દેવોને જલદી આરાધે છે ને કહે છે કે ‘ મને જલદી જ્ઞાન આપો’ દેવો ના પાડે છે, ના ના આટલું જલદી તો જ્ઞાન ન મળી શકે. એમાં એવા શોર્ટકટ ન હોય પુરુ તપ કરવું પડે. પછી જ જ્ઞાન મળે પણ યવક્રિત વહેલું જ જ્ઞાન લઈને આવે છે ને જ્ઞાનના દર્પમાં પરાવસુની જ પત્ની પર બળાત્કાર કરે છે –આવું બધું મૂળ કથાનકમાં છે. એ બધું કાર્નાડે ગાળી નાખ્યું છે અને પરાવસુની પત્ની સાથે યવક્રિતને પહેલેથી જ પ્રેમ હતો પણ એ જ્ઞાનપ્રાપ્તિ માટે ગયો એટલે પ્રેમને બાજુએ મૂકીને ગયો. પહેલા જ્ઞાન પછી પ્રેમ. આવ્યા પછી ભલે પેલીના લગ્ન થઈ ગયા હોય પણ એના પ્રેમનો સ્વીકાર કરે છે. પરાવસુની પત્નીનું નામ વિશાખા, પછી એ બેના સંબંધનું નિરૂપણ છે. અરાવસુ પાછો નિકિલાઈ નામની એક આદિવાસી કન્યાના પ્રેમમાં પડે છે ને એ નિમિતે આખું લોક આ રચનામાં આવે છે. આદિવાસી સમાજ એ કન્યાને બીજે પરણાવી દે છે. જુઓ આપણા સમાજમાં કેવી બધી મુશ્કેલીઓ છે ! આદિવાસી કન્યાને બ્રાહ્મણ યુવક પસંદ કરવા તૈયાર હોય તોય આદિવાસી સમાજ તૈયાર નથી. આપણા સમાજમાં બધા પ્રશ્નો સીધેસીધા ઉકલી જાય એવું વાતાવરણ હજી તૈયાર નથી, એ વખતે પણ નહોતું. એટલે નિકિલાઈ નામની આદિવાસી કન્યા સાથે એનું લગ્ન થઈ શકતું નથી. એ સ્ત્રી અરાવસુ સાથે જોડાયેલી હોય છે ને એનો પતિ આવી ચડે છે અને નિકિલાઈને મારી નાખે છે. આ બાજુ યજ્ઞમાં ઈન્દ્રદેવ પ્રસન્ન થાય છે ને અરાવસુને કહે છે ‘માગ તે પણ યજ્ઞ કર્યો છે ને તને પણ કશુંક આપવા માગું છું. એવે વખતે અરાવસુ નિકિલાઈને માગવાને બદલે પોતાનો એક ત્રીજો ભાઈ છે જે બ્રહ્મરાક્ષસ થઈ ગયેલો એના મોક્ષની માગણી કરે છે. ‘મુશ્કેલીઓ એકલા બ્રાહ્મણોની નથી, મુશ્કેલીઓ એકલા રાક્ષસોની પણ નથી. મુશ્કેલીઓ આવા બ્રહ્મરાક્ષસોની છે જે અવગતે ગયા છે. આવા બ્રહ્મરાક્ષસો વધારે જોખમી છે. માટે હે ઈન્દ્રદેવ ! એની મુકિત આપો’ ને ત્યાં આ નાટક પુરું થાય છે. અને એ જ વખતે પેલ વરસાદ પડે છે જેના માટે પ્રજા વરસોથી ઝરી રહી છે. આવું જયારે લોકકલ્યાણ સિદ્ધ થશે ત્યારે સાચો વરસાદ વરસશે એવો કંઈક સંકેત કાર્નાડના મનમાં પડયો છે.

‘ધ ફાયર’એ યજ્ઞનું પ્રતીક છે પવિત્ર અર્થમાં જ છે, પણ સંભવ છે કે એ બાળે પણ ખરો. જયારે વર્ષા એ બધાને વ્યાપે. અનેક રચનાત્મક ઉપયોગ એના હોઈ શકે એવું પણ આપણે અહી જોઈ શકીએ.

**સંદર્ભસૂચિ**

1. Kulkarni, D. Prafull (2010). The Dramatic World of Girish Karnad. Creative Books Nanded. ISBN 978-81-906717-5-0.
2. ________.(2010). The Enchanting World of Indian English Drama A Socio-Cultural Review. Lulu, USA. ISBN 978-0-557-74285-1.
3. Kumar, Nand (2003). "Myths in the Plays of Girish Karnad". Indian English Drama. Sarup & Sons. ISBN 81-7625-353-7.
4. Sachindananda, (2006). "Girish Karnad". Authors speak. Sahitya Akademi. ISBN 81-260-1945-X.